

તંત્ર દબાણ હટાવવાની સારી - સારી વાતો કરે છે. પરંતુ સેક્ટર-૬ સ્થિત દબાણ છેલ્લા ઘણા વખતથી છે, જેને હટાવવાનું કેમ સૂઝતું નથી ? એ પ્રશ્ન હજુ પણ વસાહતીઓનાં મનમાં ઊઠ્યા કરે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરના માર્ગો પર ઉભા કરેલા નડતરરૂપ ગલ્લાઓ પર તવાઈ

## બે દિવસમાં ૨૫થી વધુ લારી-ગલ્લાના માલિકો સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના અલગ અલગ માર્ગો પર આડેધડ અડચણરૂપ ઉભા કરી દેવાયેલા લારી ગલ્લાઓના માલિકો સામે શહેરની પોલીસે તવાઈ મચાવી છે. ખ રોડથી માંડીને ઈન્દ્રોડા પાસેના ૨૫થી વધુ લારી ગલ્લા ધારકો સામે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને તેમના સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાટનગરમાં રસ્તાઓ પર નડતરરૂપ લારી ગલ્લાઓ સંખ્યાબંધ જોવા મળશે. આ લારી ગલ્લાઓ પર શહેરની પોલીસે લાલ આંખ કરતાં લારી ગલ્લા ધારકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. શહેરની સેકટર-૭ પોલીસ દ્વારા છેલ્લા બે દિવસમાં ઈન્દ્રોડા, ખ-રોડ, સે-૨ તથા ગ-રોડ પર સપાટો બોલાવી દીધો છે. ગઈ કાલે ૧૧ જેટલા લારી ગલ્લાઓના માલિકો સામે પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી હતી. જયારે આજે પણ અડચણરૂપ લારી ગલ્લાઓ પર શહેરની પોલીસે તવાઈ બોલાવી હતી બે દિવસમાં શહેરના ૨૫થી પણ વધુ લારી ગલ્લા ધારકો સામે પોલીસે ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# રૂપાલ મંદિર પાસેથી બાઈક ચોરી જનાર બે સગા ભાઈઓ ઝડપાયા

## બે મહિના પહેલા સે-૧ ૩માં રહેતા રહિશ વરદાયીની માતાના મંદિરે દર્શન કરવા ગયા ત્યારે તેમનું બાઈક ચોરાઈ ગયું હતું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સે-૧ ૩-એ ખાતે રહેતા એક રહીશ બે મહિના પહેલા બાઈક લઈને રૂપાલ વરદાયીની માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા ત્યારે પાર્કીંગમાંથી તેમનું બાઈક ચોરાઈ ગયું હતું. બાઈક ચોરી કરીને ભાગી ગયેલા માણસાના બાપુપુરા ગામના બે સગા ભાઈઓને ઝડપી પાડીને પેથાપુર પોલીસે ધરપકડ કરી લીધી છે.

સેકટર-૧ ૩માં રહેતા કનૈયાલાલ શંકરલાલ શ્રીમાળી બે મહિના અગાઉ વરદાયીની માતાજીના દર્શન કરવા તેમનું હીરો હોન્ડા સુપર સ્પ્લેન્ડર બાઈક લઈને ગયા હતાં. બાઈક મંદિર બહાર પાર્કીંગમાં પાર્ક કરીને તેઓ દર્શન કરવા ગયા હતા તે વખતે તેમનું બાઈક ચોરાઈ ગયું હતું. જે અંગે પેથાપુર પોલીસમથકે બાઈક ચોરીની ફરિયાદ નોંધાવા પામી હતી. માણસા પોલીસે ગઈ કાલે શંકાસ્પદ બે વ્યકિતઓની અટકાયત કરી હતી. મુળ બનાસકાંઠાના વતની અને હાલ માણસા તાલુકાના બાપુપુરા ગામમાં અમરતભાઈના ખેતરમાં રહેતા બે સગા ભાઈઓ મહેશ મગનજી ઠાકોર અને મેરૂ મગનજી ઠાકોર બંનેની પુછપરછમાં વરદાયીની મંદિર પાસેથી બે મહિના પહેલા બાઈક ચોર્યું હોવાની કબુલાત કરી છે. પેથાપુર પોલીસે બાઈક ચોરીમાં બંને સગા ભાઈઓની ધરપકડ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

# ભાદરવો પાછોતરો વરસાદની મહેર કે કહેર ?

## *કપાસના ઉભા પાકના નુકશાનથી ખેડૂતો ચિંતાતુર*

ચિલોડા, તા. ૨૯

ગુજરાત રાજ્યમાં સતત એક સપ્તાહથી ચાલુ રહેલ ભાદરવો વરસાદ બાદ ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. વરસાદની



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

મહેર-કહેરથી ઉભા પાકને નુકસાન થવાની ભીતિથી ખેડૂતોમાં ચિંતાનાં વાદળો ઘેરાતાં કભી ખુશી કભી ગમની લાગણી પ્રવર્તી રહી છે. પાછોતર વરસાદની હેલીથી મોં માં આવેલો કોળિયો ઝુંટવાઈ જવાની ભીતી વર્તાઈ રહી છે. પાછોતર વરસાદ ખેતીને જીવતદાન બક્ષ્યું છતાં સતત વરસાદના ઝાપટાંથી નુકસાન થવાની દહેશત વધુ રહી છે. ધરતીપુત્રો દિલથી કુદરતને પ્રાર્થના કરી રહ્યા છે. મેઘરાજા હવે ખમૈયા કરો.... અગાઉ લોકોએ અસહ્ય બાફ, ઉકળાટ-ગરમીનો અનુભવ કર્યા બાદ પાછોતર મેઘ વર્ષાએ ઠંડક-કુશનુમાઓ ખુશીની મહેર કરી છે. જયારે અતિશય મેઘ ખાંગા થતાં અનેક મુસ્કેલી સર્જી છે. જેમાં કપાસની ખેતી પાકમાં છોડ પર ૧૦૦ થી વધુ કેરી, ચકરુ અને ફૂલ બેસતાની સાથે પવનના સુસવાટા અને સતત વરસાદની હેલીથી છોડ પરનો પ્રથમ કિમતી મોલ જમીનદોસ્ત થતાં ભારે નુકસાન થવાનો સંભવનો ભય સતાવી રહ્યો છે. કપાસ પર પ્રથમ વીણી તૈયાર થઈ હતી. ત્યાં વરસાદથી પલળી જતાં નુકસાન થવા પામ્યું છે. હજુયે ખેતરોમાં ઝરમર ઝાપટાં તુટી પડતાં વરસાદ ક્યારે વિદાય લેશે ? તેવી આકાશ તરફ મીટ માંડીને ખેડૂતો ભગવાનને પ્રાર્થી રહ્યા છે. કપાસના ખેતરોમાં ઉભો પાક નમી જતાં તથા ફૂલ-ચકરુ ખરી પડતાં પ્રથમ ઘા એ વધુ નુકશાન વેઠવાનો વારો આવતાં ખરીફ પાકના ફાયદા તથા નુકસાન અંગે ખેડૂતોમાં અનેક તર્કવિતર્કો કરી રહ્યા છે.

# નિઃશુલ્ક ધ્યાન-યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે ધ્યાન યોગ શિબિરનું નિઃશુલ્ક આયોજન ૧થી ૧૦ ઓકટોબર દરમિયાન ગાયત્રી મંદિર સેકટર-૧ ખાતે સવારે ૭ થી ૮ કલાક દરમિયાન રાખેલ છે.

શિબિરમાં યોગના ફાયદા તેમજ અલગ અલગ યોગાસોનો દ્વારા બિમારીઓને દુર કરી શકાય છે. યોગ-ધ્યાન-પ્રાણાયામ, તણાવ નિયંત્રણ જીવનમાં કેટલા ઉપયોગી છે તે પણ જણાવવામાં આવશે. યોગ દ્વારા આપણે વ્યસનથી પણ છુટકારો મેળવી શકીએ છીએ તો આ શિબિરનો લાભ લેવા સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સિનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે ૨જી ઓકટોબરના રોજ મહારાષ્ટ્ર ભવન સેકટર-૨૧ ખાતે સવારે ૮ થી બપોરના ૧૨ કલાક દરમિયાન રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન કેમ્પને સફળ બનાવવા માટે વસાહતીઓને મોટી સંખ્યામાં રકતદાન કરવા અપીલ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ટીમ ઉપસ્થિત રહેશે તેમ સી.સી.કા.ના કન્વીનર આર.જે. ગાંધીએ જણાવ્યું છે.



મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગ આજરોજ રવિવાર હોવા છતાં પણ મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં ખૂબ જ નબળો પ્રતિસાદ સાંપડ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# પ્રેમમાં પાગલ પ્રેમી પંખીડા ભાગી છૂટ્યા બાદ ફાની દુનિયા છોડી દેવાનો પ્રયાસ

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામના કૌટુંબિક યુવક-યુવતી એકબીજાના પ્રેમમાં પાગલ બનતાં ઘરેથી ભાગી ગયા બાદ ચિલોડા-ઈસનપુર રોડ પરના એક મંદિર પાસે ઝેરી દવા પીને જીવ આપવા પ્રયાસ કરતાં પ્રેમ પ્રકરણનો અંજામ કરવા મજબૂર બન્યા હતા. આ બનાવમાં ગામના યુવક-યુવતી કૌટુંબિક સંબંધી હોવા છતાં બંને વચ્ચે પ્રેમના અંકુરો ફૂટતા ભાગી જઈ છેલ્લે મોત વહાલુ કરવા અંતિમ પગલું ભરી ફાની દુનિયાનો ત્યાગનો પ્રયાસ કર્યો હતો. આ અંગે મળતી માહિતી મુજબ યુવતીના લગ્ન છ માસ અગાઉ ધણપ ગામે કરવામાં આવ્યા હતા. યુવતી પ્રેમી સાથે ભાગી ગયા બાદ ચિલોડા-ઈસનપુર મોટા જવાના માર્ગ પાસે આવેલ મંદિર પાસે બંનેએ જેરી દવા પીધેલ હાલતમાં બેભાન અવસ્થામાં હતા. ત્યારે એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે પોલીસ તપાસમાં બંને પંખીડાઓ મહુન્દ્રા ગામના હોવાનું બહાર આવતા મહુન્દ્રા ગામનો યુવક પ્રકાશ અશોકસિંહ સોલંકી તથા યુવતીની ધણપ ગામે સમાજના રીતરિવાજ મુજબ લગ્ન કર્યા હતા. તેમજ ત્યાંથી ભાગી જઈ યુવક-યુવતી એકબીજાના પ્રેમમાં પાગલ બનેલા પંખીડાને છેલ્લે ફાની દુનિયા છોડી દેવાના ઈરાદે ઝેરી દવા ગટગટાવી જનાર પંખીડાઓ દવાખાના હેઠળ સારવાર હેઠળ હોવાનું માલુમ પડ્યું છે. આ મામલે ચિલોડા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ.એ દિલાવરખાન રસુલખાને જાણવા જોગ અરજીના આધારે વધુ તપાસ ચલાવી રહ્યા છે.



## શ્રાધ નિમિત્તે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો

માતૃ-પિતૃને તર્પણ કરવામાં આવતા શ્રાધ્ધ નિમિત્તે ભગવતીબેન પ્રજાપતિના નિવાસ પ્લોટ નં. ૨૪૦/૧, સે. ૩-એ-ન્યુ ખાતે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાઈ ગયો. જાસપુર ગામની ગોપી મહિલા મંડળ દ્વારા આ કાર્યક્રમમાં સુંદર મજાના ભજનો, ધૂનો, દુહા, છંદો વગાડીને કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને મંત્ર મુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં ખૂબજ મોટી સંખ્યામાં ભજનના રસિયાઓએ વરસતા વરસાદમાં ઉપસ્થિત રહીને લ્હાવો લીધો હતો.

## દારૂના જથ્થા સાથે અંતે ૩૧ શખ્સ પકડી પડાયા

અમદાવાદ,તા. ૨૯

શહેર પોલીસે નશાબંધી અને જુગાર ધારા હેઠળ કેટલાક લોકોને પકડી પાડીને વધુ તપાસ હાથ ધરી છે. મળેલી માહિતી મુજબ શહેર પોલીસે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરીને ૩૧ શખ્સોને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી ૨૮૬ લીટર દેશી દારૂ, ૨૪૨ બોટલ અંગ્રેજી દારૂ અને ૧૮૩ બોટલ ક્વાર્ટર અંગ્રેજી દારૂ, ૪૯૭ બિયરના ટીન જપ્ત કર્યા છે. આ ઉપરાંત પાંચ મોટર સાઈકલ, ચાર સ્કૂટર અને એક કાર પણ કબજે કરવામાં આવી છે. બીજી બાજુ શહેર પોલીસે જુગાર ધારા હેઠળ પણ કાર્યવાહી કરીને સાત શખ્સોને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી ૫૦૦૦થી વધુની રોકડ રકમ અને જુગારના સાધનો પણ કબજે કર્યા છે. પોલીસે બાતમીના આધારે ૩૧ શખ્સોને પકડી પાડવામાં આવ્યા બાદ તેમની પુછપરછ હાથ ધરી છે. અંગ્રેજી દારૂના જથ્થાના સંબંધમાં ઝડપાયેલા શખ્સોના અન્ય સંપર્કો સુધી પહોંચવાની તપાસ હાથ ધરાઈ છે.

# ૧લીએ યોજાનાર યુવા કોંગ્રેસના કાર્યક્રમમાં ઘર્ષણ થવાની સંભાવના

## તંત્ર દ્વારા માત્ર સભાની જ મંજુરી અપાઈ છે : રેલી નીકાળવામાં આવશે તો પોલીસ કાર્યવાહી કરશે

ગાંધીનગર, તા. ૨૯

વિધાનસભા સત્ર ચાલુ થયાનાં બીજા દિવસે ૧લીએ કોંગ્રેસ દ્વારા સભા અને રેલી યોજવાના કાર્યક્રમ ઘડાયા છે પરંતુ તંત્ર દ્વારા રેલીની મંજુરી નકારી કાઢવામાં આવતા હવે ૧લીએ પોલીસ અને કોંગ્રેસીઓ વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ વધી ગઈ છે.

જો પ્રતિબંધિત વિસ્તારમાં રેલી આગળ વધારવામાં આવશે તો પોલીસ દ્વારા અટકાયત કામગીરી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે યુવા કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમો આપવાની પણ ચિમકી ઉચ્ચારી હોવાથી ૧લીએ ઘર્ષણની શક્યતાઓ પુરેપુરી છે.

## અડાલજ નર્મદા કેનાલમાંથી યુવાનનો તરતો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક આવેલા અડાલજ નર્મદા કેનાલમાંથી કેનાલ સિક્યુરીટી ગાર્ડને બપોરના અરસામાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ દેખાતા અડાલજ પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. પોલીસે ઘટનાસ્થળે જઈને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરી તો તેના ખિસ્સામાંથી કે મૃતદેહ પાસેથી તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. આશરે ૩૦ વર્ષના આ યુવાને શરીરે કાળો શર્ટ અને આસમાની રંગનું પેન્ટ પહેર્યુ છે. અડાલજ પોલીસમથકના જમાદાર ભીખાભાઈએ મૃતદેહ પી.એમ. કરાવી ઓળખ માટે તજવીજ શરૂ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧
સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૮૨ ટકા
વરસાદ ૩૧.૫ મિ.મી.

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વૉર્નિંગ ૩-ડી(હિન્દી) : ૧૦.૩૫, ૧૨.૩૫, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૨૦
ઈલ્યુશીયમ : ૫.૩૫

: સ્ક્રીન-૨ :
ધ લન્ચ બૉક્ષ : ૧૦.૩૦, ૩.૨૦, ૫.૪૫, ૧૦.૩૫
ઈલ્યુશીયમ (હિન્દી) : ૧૨.૫૫, ૮.૧૦

: સ્ક્રીન-૩ :
ગ્રાન્ડ મસ્તી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
ફટા પૉસ્ટર નીકલા હીરાઃ ૩.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૬.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૪.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઈલ્યુશીયમ(અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
વૉર્નિંગ (૨-ડી) : ૧૦.૦૦, ૩.૧૫, ૫.૩૦
ધ લન્ચબૉક્ષ : ૧.૦૦, ૮.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૫ :
ધ લન્ચબૉક્ષ : ૧.૦૦
વૉર્નિંગ (૨-ડી) : ૩.૧૫
ફટા પૉસ્ટ નીકલા હીરો : ૬.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગ્રાન્ડ મસ્તીઃ ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
વૉર્નિંગ : ૧૦.૪૫, ૪.૪૫, ૧૦.૪૫
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧.૪૫, ૭.૪૫

: સ્ક્રીન-૩ :
સુપર મોડલઃ ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦
વૉર્નિંગ : ૨.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. રોજગારીની નવી તક પ્રાપ્ત થઈ શકે છે. લાંબા ગાળાનું આયોજન ઉપયોગી સાબિત થઈ શકે. વાહનસુખ પ્રાપ્તિનો યોગ.

**વૃષભ** : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થશે. રાજકીય સ્ત્રોતોથી ધન પ્રાપ્તિનો યોગ. વારસાગત મિલકતના પ્રશ્નોનો હલ આવી શકે છે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકણ આવી શકે.

**મિથુન** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બને. લગ્નોત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક. સુખ પ્રાપ્તિનો યોગ.

**કર્ક** : પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. કાયદાકીય પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક.

**સિંહ** : કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ. કલાત્મકક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ.

**કન્યા** : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા પ્રાવાસનું આયોજન થશે. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**તુલા** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. વેપાર અર્થે થયેલા પ્રવાસ લાભદાયી બની રહે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય.

**વૃશ્ચિક** : વેપારમાં ભાગીદારમાં સંભાળવું. અગાઉ કરેલા રોકાણનો લાભ મળી રહે. મિત્રો- સ્નેહીજનોને મળવાનું થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**ધન** : સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સાવચેતી રાખવી. સમય સાનુકૂળ. રોગ નિર્વાણકાર્યો માટે યાત્રા થશે.

**મકર** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડે. નોકરીયાત વર્ગને બદલી- બઢતીની શક્યતાઓ. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આકસ્મિક ધન- લાભ થવાની શકયતા.

**કુંભ** : મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય પણ વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી બની રહે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**મીન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. સામાજિક જવાબદારીમાં વધારો થતો જણાય. માનસિક ચિંતા હળવી બને. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ રહે.

## ચિરવિદાય

- સ્વ. પ્રતાપસિંહ છગુજી જાડેજા(ઉ.વ.૯૫) મુ. ધરમપુર, પો. દશેલા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચીમનલાલ સોમાભાઈ પ્રજાપતિ(ઉ.વ.૭૫) મુ. પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મણિબેન શનાજી ઠાકોર(ઉ.વ.૪૦) મુ. પો. રામપુરા, પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લખીબેન પિન્ટુભાઈ દંતાણી(ઉ.વ.૩૭) ગોકુલપુરા સામેના નવા છાપરાં, ગાંધીનગર.